પેટા અને અભિનેત્રી પ્રિયામણિએ કેરળ મંદિરમાં યાંત્રિક હાથી દાનમાં આપ્યો

બિન-લાભકારી સંસ્થા પીપલ ફોર એથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ્સ ઇન્ડિયાએ અભિનેત્રી પ્રિયામણિ સાથે મળીને કોચીના થ્રીક્કાઈલ મહાદેવ મંદિરમાં એક આદમકદના યાંત્રિક હાથીનું દાન કર્યું હતું. કારણ કે, મંદિરમાં ક્યારેય જીવંત હાથીઓને રાખવાની કે હાથી ભાડે લેવાનો નિર્ણય લીધો નથી. પેટાએ રવિવારે એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે, મહાદેવન નામના યાંત્રિક હાથીનો ઉપયોગ મંદિરમાં સલામત અને ક્રૂરતામુક્ત રીતે સમારંભો કરવા માટે કરવામાં આવશે. આ કેરળમાં લાવવામાં આવેલ આ પ્રકારનો બીજો હાથી છે. પ્રકાશનમાં જણાવ્યું હતું કે, રવિવારના રોજ મંદિરમાં ઉદ્ઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો. ત્યાર બાદ માસ્ટર વેદાર્થ રમન અને તેના બેન્ડ દ્વારા ચેંડા મેલમ અને વેણુ માસ્ટર અને તેના બેન્ડ દ્વારા પંચવદ્યમનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

બિલ્કીસ બાનો કેસ : વધુ એક દોષિતની માફી રદ કરવાના ચુકાદાની સમીક્ષા કરવા સુપ્રીમને અરજ

સમીક્ષા અરજીમાં કહેવાયું : સક્ષમ સત્તાધિકારી દ્વારા પસાર કરાયેલ માફીના આદેશને હકીકતના આધાર પર પડકારી શકાતો નથી

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ) : બિલ્કીસ બાનો કેસમાં વધુ એક દોષિતે સુપ્રીમ કોર્ટમાં તેની સજાની માફીને રદ કરવાના 8 જાન્યુઆરીના ચુકાદાની સમીક્ષા કરવા માટે અરજી કરી છે અને એવી દલીલ કરી છે કે ગુનાની પ્રકૃતિ અને ન્યાય માટે સમાજના પોકારના

આધારે તેને પડકારી શકાય નહીં. રમેશ રૂપાભાઈ ચંદના દ્વારા દાખલ કરવામાં આવેલી સમીક્ષા અરજીમાં કહેવામાં આવ્યું છે કે, સર્વોચ્ચ અદાલતની અન્ય બેન્ચે 13 મે, 2022ના રોજ આપેલા આદેશ અને ચુકાદાને રદબાતલ કરીને સર્વોચ્ચ અદાલતે ભૂલ કરી હતી.

ગુજરાત સરકાર અને 11માંથી બે દોષિતોએ અગાઉથી જ 8 જાન્યુઆરીના ચુકાદાની સમીક્ષા કરવા માટે અરજી દાખલ કરી છે જેમાં તે તમામના માફીના આદેશો રદ કરવામાં આવ્યા હતા અને તેઓએ આત્મસમર્પણ કરવાનું કહ્યું હતું. ચુકાદાની સમીક્ષા કરવા માટેનાં કારણોની યાદી આપતાં અરજીમાં જણાવ્યું હતું કે, સર્વોચ્ચ અદાલતની બેન્ચે તેના તારણમાં ભૂલ કરી હતી કે, ''સક્ષમ સત્તાધિકારી દ્વારા પસાર કરાયેલ માફીના આદેશને હકીકતના આધાર પર પડકારી શકાતો નથી, અન્ય બાબતોની સિવાય, ગુનાની પ્રકૃતિ, સમાજ પરની અસર અને દોષિત ઠરાવ્યા બાદ અને સજા બાદ ન્યાય માટે સમાજનો પોકાર કાયદાની નજરમાં અંતિમ રૂપ પ્રાપ્ત કરે છે.''

HDFC BANK | **એચડીએફસી બેન્ક લિમિટેડ** | **પઝેશન નોટિસ**

બ્રાન્ચ : એચડીએફસી બેન્ક લિમિટેડ, ટ્રાયડેન્ટ, રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૦૭૯-૬૪૮૦૭૯૯૯

એચડીએફસી બેન્ક લિમિટેડના (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજુર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવાયેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

અનુ. નં.	બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ	તારીખના રોજ બાકી લેણાં* રૂ.	ડિમાન્ડ નોટિસ તારીખ	પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક	સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)
૧	**શ્રી અલ્પેશકુમાર એ. ચૌહાણ (બોરોઅર) શ્રી સંજયકુમાર એ. ચૌહાણ (ગેરન્ટર) ૧૬૯૫૦૪-૬૧૧૮૪૨૮૮૯**	**રૂા. ૩૧,૧૩,૯૩૦/- ૩૦ સપ્ટેમ્બર., ૨૦૨૩ ના રોજ***	**૦૬ ડિસેમ્બર, ૨૦૨૩**	**૧૫ માર્ચ, ૨૦૨૪ સિમ્બોલીક પઝેશન**	**સી-૧/૮૨, નિલાંમ્બર વિલા, રે. સ. ૬૯૫/પી, ૬૯૬, ૭૦૯, તિર્થક ટેનામેન્ટ પાસે, નારાયણ વિદ્યાલય પાછળ, વાઘોડિયા-ડભોઈ રીંગ રોડ, ઓફ-વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦૦૧૯.**

* લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવણી/જમા થાય ત્યાં સુધીના ગણાશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે, તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના અધિકૃત અધિકારી/ઓ (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજુર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ ૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટનો **કબજો** મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/કાયદેસર વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટ સાથેનો કોઈ સોદો કરાશે તો તે **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના ગિરો હક્કને આધિન રહેશે.

બોરોઅર(સં) / કાયદેસરના વારસ (દારો) / કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયમાત/તો છોડાવી લે.

કરવામાં આવેલ પંચનામું અને તૈયાર કરાયેલ ઈન્વેન્ટરી નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે; અને ઉપરોક્ત બોરોઅર(સં) / કાયદેસરના વારસદાર(રો)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વિનંતી છે કે જે તે નકલ નીચે સહી કરનાર પાસેથી કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન મેળવી લે.

વતી, એચડીએફસી બેન્ક લિ.
સહી/-
અધિકૃત અધિકારી

તારીખ : ૧૮-૦૩-૨૦૨૪
સ્થળ : વડોદરા

રજિ. ઓફિસ : એચડીએફસી બેન્ક લિ., એચડીએફસી બેન્ક હાઉસ, સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩.
CIN : L65920MH1994PLC080618, Website: www.hdfcbank.com

રશિયામાં ફરી એકવાર વ્લાદિમીર પુતિન પ્રમુખ પદની ચૂંટણી જીત્યા

સખતાઈથી વિરોધ પક્ષોના અવાજને દબાવ્યા બાદ પુતિન પોતાના 24 વર્ષના શાસનને વધુ 6 વર્ષ માટે લંબાવવા માટે નિશ્ચિત હતા

પુતિન કુલ મતોના 87 ટકા જેવા વિક્રમી સંખ્યામાં મતો મેળવીને પાંચમી વખત રશિયાના પ્રમુખ બન્યાની અધિકારીઓ દ્વારા જાહેરાત

મોસ્કો, તા. 18 (એપી): પ્રમુખ વ્લાજીમીર પુતિને ચૂંટણીમાં વિજય મેળવ્યો હતો જે અંગે ક્યારેય શંકા ન હતી જ્યારે અધિકારીઓએ સોમવારે કહ્યું હતું કે તેઓ રેકોર્ડ સંખ્યામાં મતો સાથે પાંચમી વખત પ્રમુખ બન્યા છે, જે રશિયન નેતાનું દેશના રાજકીય તંત્ર પર સંપૂર્ણ નિયંત્રણ દર્શાવે છે.

માત્ર નામના હરીફોનો સામનો કર્યા બાદ અને સખતાઈથી વિરોધ પક્ષોના અવાજને દબાવ્યા બાદ પુતિન પોતાના લગભગ 25 વર્ષના શાસનને વધુ 6 વર્ષ માટે લંબાવવા માટે તૈયાર હતા. વિરોધ પક્ષોએ લોકોને હાકલ કરી હતી કે પ્રમુખનો વિરોધ કરવા તેઓ મતદાનના છેલ્લા દિવસ રવિવારે મતદાન કેન્દ્રોની બહાર ભેગા થાય જેના પગલે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા જો કે પ્રદર્શન કરવાનો અવકાશ બહુ ઓછો હતો. પુતિન ડિસેમ્બર, 1999થી રશિયાના પ્રમુખ છે, તેમના કાર્યકાળમાં આંતરરાષ્ટ્રીય સૈન્યએ આક્રમકતા વધારી છે અને તેમની સામે અસંમતિ જાહેર કરતા લોકોને દબાવવામાં આવ્યા હતા.

સોમવારની સવારે પુતિને ચૂંટણીના પરિણામોને તેમનામાં 'વિશ્વાસ' અને 'આશા' તરીકે ગણાવ્યા હતા જ્યારે ટીકાકારોએ પરિણામોને પૂર્વનિર્ધારીત ગણાવ્યા હતા. 'આપણી પાસે ઘણું બધું કામ છે. પણ હું બધાને એક વાત સ્પષ્ટ કરવા માગુ છું કે જ્યારે આપણે એકીકૃત હતા કોઈ પણ આપણને ડરાવી શક્યું નહીં. તેઓ ભૂતકાળમાં પણ નિષ્ફળ ગયા હતા અને ભવિષ્યમાં પણ થશે', એમ પુતિને કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું હતું. મતદારો પાસે દેખીતી રીતે કોઈ પસંદ કે વિકલ્પ ન હતાં, ચૂંટણીની સ્વતંત્ર દેખરેખ મર્યાદીત હતી. પુતિન અથવા યુક્રેનમાં તેમના યુદ્ધની કોઈ પણ જાહેર ટીકાને દબાવી દેવામાં આવી હતી. સ્વતંત્ર મીડિયા નબળી કરાઈ હતી. તેમના ઉગ્ર રાજકીય વિરોધી એલેક્ઝેઈ નાવલનીનું આર્કટીકની એક જેલમાં ગયા મહિને નિધન થયું હતું અને અન્ય ટીકાકારો ક્યાં તો જેલમાં છે અથવા દેશનિકાલ અપાયો છે.

અફઘાનિસ્તાનમાં પાકિસ્તાની સૈન્યના હવાઈ હુમલામાં 8નાં મોત, પાકિસ્તાને તેમને ત્રાસવાદી ગણાવ્યા

અફઘાનિસ્તાનના દાવા પછી પાકિસ્તાની સૈન્યએ નિવેદન કરી કહ્યું એક ઓપરેશનમાં આઠ ત્રાસવાદીઓને નરકમાં મોકલાયા

પક્તિકા-ખોસ્ત પ્રાંતમાં થયેલા હુમલામાં પાંચ મહિલા અને ત્રણ બાળકોના મોત થયાનું અફઘાનિસ્તાન સરકારના પ્રવક્તાનું નિવેદન

ઈસ્લામાબાદ/કાબુલ, તા. 18 (પીટીઆઈ) : અશાંત પાકિસ્તાની શહેરોમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાઓને લઈને બે પડોશી દેશો વચ્ચેના વાકયુદ્ધ વચ્ચે પાકિસ્તાને સોમવારે અફઘાનિસ્તાનની અંદર હવાઈ હુમલો કર્યો હતો, જેમાં ત્રણ બાળકો સહિત આઠ નાગરિકોનાં મોત થયાં હોવાનું અફઘાન તાલિબાને જણાવ્યું હતું. આ તરફ પાકિસ્તાન સેનાએ સોમવારે જણાવ્યું હતું કે અશાંત ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના એક આદિવાસી જિલ્લામાં એક ઓપરેશનમાં દળો દ્વારા વોન્ટેડ આતંકવાદી કમાન્ડર સહિત આઠ આતંકવાદીઓને નરકમાં મોકલવામાં આવ્યા હતા.

અફઘાન વચગાળાના એક વરિષ્ઠ સરકારી અધિકારીએ સોમવારે પુષ્ટિ કરી હતી કે પાકિસ્તાન સરહદે અફઘાનિસ્તાનના પક્તિકા અને ખોસ્ત પ્રાંતમાં હુમલા થયા છે. પાકિસ્તાની સૈન્યનું નિવેદન અફઘાન સત્તાવાળાઓના પાકિસ્તાને તેના પ્રદેશમાં હવાઈ હુમલા કરતાં આઠ લોકો માર્યા ગયાના દાવાના કલાકો બાદ આવ્યું હતું.. પાકિસ્તાની સેનાએ એક નિવેદનમાં કહ્યું કે 17-18 માર્ચની રાત્રે, સુરક્ષા દળોએ આતંકવાદીઓની હાજરીના અહેવાલ પર ઉત્તર વઝીરિસ્તાન જિલ્લામાં ગુપ્ત માહિતી આધારિત ઓપરેશન હાથ ધર્યું હતું. ઓપરેશનના આચરણ દરમિયાન, તીવ્ર ફાયર એક્સચેન્જ પછી આતંકવાદી કમાન્ડર સેહરા જનાન સહિત આઠ આતંકવાદીઓને નરકમાં મોકલવામાં આવ્યા હતા.

ડોન અખબારે કાબુલથી અહેવાલ આપ્યો હતો કે, અફઘાન શાસકોના પ્રવક્તા ઝબીહુલ્લા મુજાહિદે એક નિવેદનમાં આક્ષેપ કર્યો હતો કે પાકિસ્તાની વિમાનોએ હવાઈ હુમલાઓ કર્યા હતા.

અફઘાન વચગાળાની સરકારના પ્રવક્તા ઝબીહુલ્લા મુજાહિદે દાવો કર્યો હતો કે, પાકિસ્તાની હુમલામાં મોતને ભેટનારા તમામ આઠ નાગરિકો મહિલાઓ અને બાળકો હતાં. મુજાહિદે જણાવ્યું હતું કે, પક્તિકામાં ત્રણ મહિલાઓ અને ત્રણ બાળકોનાં મોત થયાં હતાં અને એક ઘર તૂટી પડ્યું હતું જ્યારે ખોસ્ટમાં બે મહિલાઓનાં મોત થયાં હતાં, જ્યાં એક ઘર પણ નાશ પામ્યું હતું.

તક પૂરી થઈ જાય એ પહેલાં લાભ ઉઠાવો.
તમારું અપડેટેડ રિટર્ન આજે જ ફાઇલ કરો!

એસેસમેન્ટ વર્ષ 2021-22 માટે અપડેટેડ રિટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ : 31મી માર્ચ 2024

તમે એસેસમેન્ટ વર્ષ 2022-23 અને એસેસમેન્ટ વર્ષ 2023-24 માટે અપડેટેડ રિટર્ન પણ ફાઇલ કરી શકો છો

નીચેના કેસોમાં અપડેટેડ રિટર્ન ફાઇલ કરી શકાય છે;

- જો અસલ રિટર્ન ફાઈલ ન કર્યું હોય
- જો વિલંબિત વળતરની અંતિમ તારીખ ચૂકી ગઈ હોય
- જો આવક યોગ્ય રીતે જાહેર ન થઈ હોય તો મૂળ વળતરમાં ફેરફાર કરવા
- જો આવકનું ખોટું હેડ પસંદ કરવામાં આવ્યું હોય અથવા ખોટા દરે કર ચૂકવવામાં આવ્યો હોય
- જો કેરી ફોરવર્ડ નુકસાન અથવા અશોષિત અવમૂલ્યનમાં ઘટાડો જરૂરી છે
- જો એમએટી/એએમટી ક્રેડિટમાં ઘટાડો જરૂરી છે
- જો તમને આવકવેરા અધિનિયમ, 1961ના 133(6) હેઠળ કપાત/મુક્તિના દાવા વિશે ચોક્કસ માહિતી માટે નોટિસ મળી હોય, જેના સંબંધમાં તમારી પાસે યોગ્ય સમજૂતી/પુરાવા ઉપલબ્ધ નથી.
- જો તમે ખોટી કપાત/મુક્તિનો દાવો કર્યો હોય

જો તમે 31.03.2024 સુધી ITR-U ફાઇલ કરો છો	ચૂકવવાપાત્ર વધારાના કરની રકમ
એસેસમેન્ટ વર્ષ 2021-22 માટે	કર અને વ્યાજના કુલ 50% ચૂકવવાપાત્ર
એસેસમેન્ટ વર્ષ 2022-23 અને વર્ષ 2023-24 માટે	કર અને વ્યાજના કુલ 25% ચૂકવવાપાત્ર

વધારે માહિતી માટે,
કૃપા કરીને આવકવેરા અધિનિયમ, 1961ની કલમ 139 (8A) અને 140B (3)નો સંદર્ભ લો
વિલંબ કરશો નહીં, આજે જ ફાઇલ કરો.

ઈ-બોશર્સ માટે QR કોડ સ્કેન કરો

આવકવેરા વિભાગ
સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ
વધુ માહિતી માટે, કૃપા કરીને www.incometax.gov.inની મુલાકાત લો

cbc 15401/13/0024/2324

@IncomeTaxIndia @IncomeTaxIndiaOfficial @IncomeTaxIndiaOfficial @Income Tax India @Income Tax India Official